### સરકાર દ્વારા વિધાનસભામાં સ્થાનિક સત્તા મંડળ કાયદો લાવતા

# બાયડ નગરપાલિકામાંથી ગ્રામ પંચાયત થવાના ભણકારા

મોડાસા, તા.૨૬

રાજય સરકારે વિધાનસભા ગૃહમાં ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા વિધેયક લાવતા ૨૫૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી પાલિકાઓ ફરીથી ગ્રામ પંચાયત બનશે. જેથી બાયડ નગરપાલિકાનો દરજજો છિનવાય જવાનો ભય ઉભો થયો છે. સરકારી દફતરે બાયડ નગરપાલિકાનો માનવ વસ્તી ૧૭૮૮૬ હોવાનુ બહાર આવ્યુ છે. સરકારી દફતરે જિલ્લા કક્ષાએ ૭૨૧૩ માનવ વસ્તી કેવી રીતે વધી ગઈ તેને લઈ તેને લઈ ને અનેક તર્ક વિર્તક થઈ રહયા છે.

૨૦૦૬માં ગ્રામ પંચાયતને સરકારે પાલિકા નો દરજજો આપતા બાયડ ની પ્રજા માં મલકાટ જોવા મળ્યો હતો પરંતુ છેલ્લા ૮ વૃષ માં પ્રજા બાયડ પાલિકા ના વહિવટ થી રીતસર ની તંગ આવી ગઈ છે. અને આના કરતાં ગ્રામ પંચાયત નો વહિવટ સારો થતો હતો તેવુ જગજાહેર બોલી રહયા છે. ૨૦૦૬ માં અસ્તીત્વ માં આવી હતી ત્યારે કોગ્રેસ આ મામલે સરકાર પર પ્રહારો કરી રહી છે. અને જણાવે છે કે આ સરકારે કોઈપણ જાતના વિચાર કર્યા વગર નિતિ નિયમો બનાવે છે.. જેનો અમે લોકો વિરોધ કરીએ છીએ.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

તાજેતરમાં ગુજરાત સરકાર ધ્વારા વિધેયક લાવતા ૨૫૦૦૦ થી ઓછી માનવ વસ્તી હોય તવા ગામો ની પાલિકાઓ ફરી થી ગ્રામપંચાયત માં રૂપાંતર થાય તેવી જોગવાઈ હોવાથી સરકારી દફતરે નોધાયેલ આંકડાઓ ઉપર થી બાયડ પાલિકા નો દરજજો છીનવાઈ શકે તેમ છે. બાયડ નગરપાલિકા ના ૭ વોર્ડ ની કુલ માનવ વસ્તી ૧૭૮૮૬ હોવા છતાં સરકાર સત્તાવાર રીપોર્ટ માં બાયડ પાલિકા વિસ્તાર ની માનવ વસ્તી ૨૫૦૯૯ દર્શાવાઈ છે. પરંતુ બાયડ નગરપાલિકા નો સર્પક કરતાં વાસ્તવ માં માનવ વસ્તી ૧૭૮૮૬ હોવાનુ બહાર આવ્યુ છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાની -જાને કલ્યાણકારી યોજનાઓની માહિતી સરળથી ઉપલબ્ધ થાય તે હેતુથી જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા સાબર મિરરે ઈ-ન્યૂઝ લેટરનું સંપાદન કરવામાં આવ્યું છે. જેનું ડિઝટલ ઈનોગ્રેશન આજે સાબર ડેરી હિંમતનગર ખાતે યોજાયેલ મિલ્ક ડે કાર્યક્રમમાં રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરાયું હતું. -તિમાસે -સિધ્ધ થનાર સાબર મિરર ન્યૂઝ લેટરમાં સચિત્ર માહિતી સભર વિગતો ધરાવતું આ ન્યૂઝ લેટર કલેકટરની વેબસાઈટ www.sabarkantha.gov.in પર પણ ઉપલબ્ધ છે. આ ન્યૂઝ લેટરનું લોનચિંગ કરતા મંત્રીએ આ સુવિધા લોકપયોગી બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું આ -કારનું ઈ-ન્યૂજ લેટર સૌ -થમ સાબરકાંઠા જિલલાએ પહેલ કરી છે. જેનાથી -જાને રાજય સરકારની વીવિ યોજનાઓ અને તેની સિધ્ધિ ઓની વિગતો સરળતાથી ઉપલબ્ધ થશે.

## મોડાસાના બે પશુચોરો પાસા હેઠળ જેલ હવાલે

મોડાસાના બે ઈસમો વિરૂદ્ધ જુદા-જુદા તાલુકાઓમાં પશુચોરીના અસંખ્ય ગુન્હા નોંધાયા હતા. જેને ધ્યાને લેતા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરના હૂકમ થતા બન્ને આરોપીઓની અટકાયત કરી સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પશુચોરીના બનાવો નિયમિત અંતરાલે બની રહ્યા છે. પશુપાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગેરકાયદેસર કતલખાનાઓનું હબ મોડાસા બની ગયું છે. મોડાસાના ચાંદ ટેકરી અને રાણા સઈદ વિસ્તારના ઈસમોની સંડોવણી છાશવારે બહાર આવે છે. પશુચોરીના ગુન્હામાં ચાંદટેકરીના નાજૂમ ઉર્ફે નાઝીમ કાલુ મુલતાની વિરૂદ્ધ ઈડરમાં-૫, હિંમતનગરમાં-૨, જાદરમાં-૧, ગાંભોઈમાં-૧, પ્રાંતિજમાં-૨, તલોદમાં-૨ અને હનીફ સાબીર ઉર્ફે સેવા મુલતાની વિરૂદ્ધ ઈડરમાં ૫, જાદરમાં-૧, હિંમતનગરમાં-૧, પ્રાંતિજમાં-૨, તલોદમાં-૨ ગુન્હા નોંધાયા હતા. જેના પગલે જિલ્લા પોપીસવડાએ પશુચોરીના દૂષણને ડામવા આ બંને રીઢા પશુચોરો વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવા સૂચના આપી હતી. જિલ્લા કલેક્ટરે હૂકમ કરતા એલસીબી પી.આઈ. જે.એમ. આલ અને સ્ટાફે બન્ને ઈસમોની અટકાયત કરી સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા.

### સાબર ડેરી દ્વારા 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરાઈ

# સહકારી ક્ષેત્રે મહિલા સશક્તિકરણની દિશામાં પહેલ કરી મહિલા પશુપાલકોને સ્વનિર્ભર બનાવાયા છે : રમણલાલ વોરા

હિંમતનગર, તા. ૨૬

સમગ્ર દેશમાં આજે શ્રેતક્રાંતિના -ણેતા ડૉ . વર્ગીસ કુરીયનના જન્મદિનને રાષ્ટ્રીય દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ધ્વારા આજે બુધવારના રોજ સાબર ડેરી ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

મંત્રીએ અધ્યક્ષસ્થાનેથી -વચન કરતા જણાવ્યું હતું કે, ખેડા ખાતેથી માત્ર બે દૂધ મંડળીઓથી શરૂઆત કરનાર અમૂલ બ્રાન્ડ આજે ઘર ઘરની ઓળખનું પર્યાય બન્યું છે. રાજયના ૧૮ દૂધ સંઘ ને એકત્ર કરી અમૂલ બ્રાન્ડને દેશ અને દુનિયામાં દૂધ અને તેની બનાવટો પંહોચાડવાની વ્યવસ્થા કરી છે. જેની પાછળનું મુખ્ય કારણ ગામડામાં વસતા મહિલા પશુપાલકો છે અને રાજય સરકારે સહકારી ક્ષેત્રે મહિલા સશક્તિકરણની દિશામાં પહેલ કરી મહિલા પશુપાલકોને સ્વનિર્ભર બનાવાયાં છે. રાજય સરકારની ક્રાંતિકારી પહેલની વાત કરતા જણાવ્યું હતું કે દેશમાં સૌ -થમ એનિમલ હોસ્ટેલની આકોદરાથી શરૂઆત કરી પશુઓના આરોગ્યની ચિંતા કરી હતી. વળી પશુ આરોગ્ય મેળા ધ્વારા પશુઓના મોતિયાના ઓપરેશન, રસીકરણ અને દાંતના સારવારની સૌ -થમ શરૂઆત કરવામાં આવી છે ત્યારે પશુઓના આરોગ્યની જાળવણી કરી વધુ દૂધ ઉતપાદન મેળવવા પશુપાલકોની અપીલ કરી હતી. દૂધના વાર્ષકિ વૃધ્ધિ દરમાં થયેલા વધારાથી હર્ષ વ્યકત કરતા જણાવ્યું હતું કે, એક દાયકા પહેલા સમગ્ર દેશમાં રાજય છઠ્ઠા ક્રમે હતું જે હવે વધીને વર્ષે ૧૧૧.૯૨ લાખ મેટ્રીક ટન થતા દૂધ સંપાદિત થતા ચોથા ક્રમે આવી ગયું છે.

મહિલા ભાગીદારીની વાત કરતા મંત્રીએ જણાવ્યું હતુંકે સમગ્ર રાજયમાં આજે ૧૬હજારથી વધુ દૂધ મંડળીઓ આવેલી છે. જે પૈકી ૨૬૧૪ દૂધ મંડળીઓનું સંચાલન મહિલા ચેરમેન ધ્વારા કરવામાં આવી રહ્યું રહ્યુ છે. રાજયના કૃષિ પશુપાલન ક્ષેત્રે મહિલાઓ વિશેષતઃ ગ્રામીણ માતૃ શકિતના -ભાવી યોગદાનને ધ્યાને લઈને ગુજરાતમાં મહિલા પશુપાલન -ોત્સાહન યોજના, મહિલા દૂધ મંડળીઓના મકાન બાંધકામમાં ૩૦૦ ચો.વાર જમીન ફાળવણી, ૧૦ થી વધુ પશુધન ધરાવતી પશુપાલક બહેનોને મિલ્કીગ મશીન, બલ્ક મિલ્ક કુલર જેવા અધતન સાધનો આપવાના રાજયના બજેટમાં કરેલ માતબર -વધાનની તલસ્પર્શી સમજ આપી હતી. સાબર ડેરીએ જિલ્લાના વિજયનગરના આદિજાતિ બાળકો માટે ફ્લેવર્ડ મિલ્ક ધ્વારા દૂધ સંજીવની યોજના માટે સહયોગ આપવાના સમાજ દાયિત્વની -શંસા કરી હતી. તેમણે ડેરીમાં સૌથી વધુ દૂધ ભરનારી -ગતિશીલ મહિલા પશુપાલકો અને મહિલા સંચાલિત દૂધ મંડળીના સભ્યોનું સન્માન કર્યુ હતું.આ -સંગે મુખ્યમંત્રીના બાયસેગના -વચન દરમિયાન મહિલાઓ માતા-બહેનોને ઘર શૌચાલયના અભાવે વેઠવી પડતી યાતના, આરોગ્ય વિષયક -શ્નો, ઈજ્જત-આબરૂની રક્ષા સામેના સંકટોનો ખ્યાલ આપતાં ઘર શૌચાલય નિર્માણને સમાજ સમસ્તનું આંદોલન બનાવવા આહવાન કર્યુ હતું.

સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે સાબર ડેરીની વિકાસ ગાથા જણાવતા કહ્યુ હતું કે, વર્ષ ૧૯૬૪ થી શરૂ થયેલ ડેરી આજે ૫૦ વર્ષના અંતે રૂ. ૨૪૨૪ કરોડનું વાર્ષિક ટર્ન ઓવર કરે છે અને તેમાં દિન -તિદિન વૃધ્ધિ થઈ રહી છે.

## અરવલ્લી જિલ્લામાં ૨૫ નાયબ મામલતદારોની ફેરબદલીઓ કરાઈ

(સમીર બલોચ જીતેન્દ્ર પટેલ ધ્વારા), મોડાસા તા.૨૬

| ક્રમ | કર્મચારી નુ નામ | હાલનો હોદો | બદલી વાળી જગ્યા |
|---|---|---|---|
| (૧) | આર.પી.વણકર | નાયબ મામલતદાર પુર રાહત મા.કચેરી, ભીલોડા | ના.મામપુરવઠા કચેરી મોડાસા |
| (૨) | જે.એ.ડાભી | ના.મામલતદાર પુર રાહત કલેકટર કચેરી અરવલ્લી | સ.ઓ મોડાસા મા.કચેરી |
| (૩) | આર.કે.પંચાલ | ના.મામલતદાર પુર રાહત મેઘરજ | ના.મામ મહેકમ ૧ ચીટનીશ શાખા કલેકટર કચેરી અરવલ્લી |
| (૪) | જી.એન.પટેલ | ના.મામલતદાર પુર રાહત ધનસુરા | ના.મામલતદાર મહેસુલ ધનસુરા |
| (૫) | આર.કે.પટેલ | ના.મામલતદાર પુર રાહત બાયડ | ના.મામ જમીન -૨ ચીટનીશ શાખા કલેકટર કચેરી અરવલ્લી |
| (૬) | એસ.એમ.ભગોરા | ના.મામલતદાર પુર રાહત માલપુર | ના.મામ મહેસુલ માલપુર |
| (૭) | બી.બી.પટેલ | ના.મામલતદાર પુર રાહત મોડાસા | ના.મામ ઈસીએ પુરવઠા કલેકટર કચેરી અરવલ્લી |
| (૮) | બી.જી.મકવાણા | સ.ઓ.મોડાસા | ના.મામ મહેસુલ મેઘરજ |
| (૯) | એચ.એચ.રબારી | ના.મામ ઈસીએ પુરવઠા કલેકટર કચેરી અરવલ્લી | ના.મામ પુરવઠા બાયડ |
| (૧૦) | કે.એસ.તરાલ | ના.મામ મહેકમ ૧ ચીટનીશ શાખા કલેકટર કચેરી અરવલ્લી | મુખ્ય પુરવઠા નીરીક્ષક પુરવઠા કલેકટર કચેરી અરવલ્લી |
| (૧૧) | પી.કે.સુથાર | ના.મામ જમીન -૨ ચીટનીશ શાખા, કલેકટર કચેરી અરવલ્લી | ના.મામ મતદાર યાદી મોડાસા |
| (૧૨) | એફ.સી.સોની | ના.મામ પુરવઠા મોડાસા | ના.મામ મ.ભોજન તપાસણી માલપુર |
| (૧૩) | ડી.વી.પરમાર | ના.મામ મ.ભોજન તપાસણી માલપુર | ના.મામ પુરવઠા માલપુર |
| (૧૪) | એમ.એ.મકવાણા | ના.મામ મતદાર યાદી મેઘરજ | ના.મામ મતદાર યાદી ભીલોડા |
| (૧૫) | એચ.વી.ગોર | ના.મામ પુરવઠા બાયડ | ના.મામ મહેસુલ બાયડ |
| (૧૬) | એન.એ.ખરાડી | ના.મામ દબાણ-૧ ભીલોડા | ના.મામ ઈ.ધરા ભીલોડા |
| (૧૭) | એસ.જી.પરમાર | ના.મામ મ.ભોજન ભીલોડા | ના.મામ મ.ભોજન બાયડ |
| (૧૮) | પી.એસ.ઉપાધ્યાય | ના.મામ ઈ.ધરા બાયડ | ના.મામ સુપરવીઝન મામલતદાર ધનસુરા |
| (૧૯) | આર.કે.પરમાર | ના.મામ દબાણ-૧ બાયડ | સ.ઓ. ઈસરી મેઘરજ |
| (૨૦) | એમ.આર.ચૌધરી | ના.મામ મતદાર યાદી બાયડ | ના.મામ ઈ.ધરા મોડાસા |
| (૨૧) | પી.એચ.પરમાર | ના.મામ ઈ.ધરા મોડાસા | ના.મામ મતદારયાદી અને વધારા નો હવાલો ના.મામ. ઈ.ધરા બાયડ |
| (૨૨) | વાય.એન.ચૌધરી | સ.ઓ.ગાબટ બાયડ | ના.મામ પ્રાંત કચેરી બાયડ |
| (૨૩) | ટી.કે.પટેલ | ના.મામ પ્રાંત કચેરી બાયડ | સ.ઓ.ગાબટ બાયડ |
| (૨૪) | જે.જી.કાજી | ના.મામ મ.ભોજન તપાસણી મેઘરજ | ના.મામ મતદાર યાદી મેઘરજ |
| (૨૫) | આર.એ.પટેલ | સ.ઓ.ભીલોડા | ના.મામ મહેસુલ ભીલોડા |

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં અમદાવાદ પ્રદેશનો ૪૭મો પ્રાદેશિક યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાશે

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત ભિલોડા એન. આર. એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં અમદાવાદ પ્રદેશનો ૪૭મો પ્રાદેશિક યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ, અવરલ્લી જીલ્લા ડી.એસ.પી.મયુર ચાવડા, ભિલોડા જનસેવા સંઘ પ્રમુખ હર્ષદભાઈ ઉપાધ્યાય, કમલેશકુમાર મહેતા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, હિતેન્દ્રસિંહ સિસોદીયા, ડૉ.અશોકભાઈ રાવલ, એ. પી. ઝાલા, વી.ટી.ચૌહાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તીઓ કમીશનર કચેરી, ગાંધીનગર પ્રેરીત અને જીલ્લા રમત-ગમત અધિકારી કચેરી અરવલ્લી ધ્વારા આયોજીત ભિલોડા એન.આર.એ.વિદ્યાલયના સહયોગથી કલા સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રની વિવિધ સ્પર્ધાઓ તા.૨૮/૨૯/૧૧/૨૦૧૪ ના રોજ યોજાશે.

# ગુજરાત રાજયના રાજયપાલ દ્વારા મોડાસામાં આવેલી પ્રથમ ગ્રીન સ્કુલનુ ઉદ્ઘાટન કર્યુ

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે હીંમતનગર રોડ ઉપર આવેલી બી.કનઈ માં ભારત ની પ્રથમ ગ્રીન સ્કુલ આજરોજ ગુજરાત રાજયના રાજયપાલશ્રી ઓમ પ્રકાશ કોહલી એ મોડાસા ખાતે ઉદઘાટન કર્યુ હતુ.




(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ જય અમીન, મોડાસા)

મોડાસા શહેર આમ પણ શિક્ષણ નગરી તરીકે ઓળખાય છે. તેમાં મોડાસા શહેર ની યશકલગી માં વધુ એક પીંછુ ઉમેરાયુ હતુ જંમાં ભારત માં પ્રથમ ગ્રીન સ્કુલ તરીકે બી.કનઈ સ્કુલ ના કેમ્પસ નુ ઉદઘાટન કરવામાં આવ્યગુ હતુ. બાળકોનુ સ્નમાન પણ કરવામાં આવ્યુ હતુ અને સ્કુલ પરિવાર તરફથી રાજયપાલનુ પણ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. રાજયપાલે મોડાસાના શિક્ષણની બીરદાવ્યુ હતુ. ઉત્તરો ઉતર મોડાસાનુ શિક્ષણ પ્રગતી કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. મોડાસા થી આશરે ૩ કિ.મિ.ના અંતરે આવેલ સી. બી. એસ. સી. સ્કુલ બી.કનાઈ સ્કુલ કે જે ભારતની પ્રથમ ગ્રીન સ્કુલ છે જેને જોઈને સરકારે ભારતની બીજી આવી ૬૧ જેટલી સ્કુલોને પણ આ પ્રોજેકટ અપનાવાનુ કહેવામાં આવ્યુ છે. ત્યારે વિદ્યાનગરી મોડાસા શહેરના આંગણે યોજાયેલ અવસરે ગુજરાતના મહામહિમ ઓમપ્રકાશ કોહલી, અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન દાઉદભાઈ ઘાંચી મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બીપીનભાઈ શાહ સ્કુલના દાતા રમેશભાઈ મંચસ્થ હતા.

## મહેસાણામાં દૂધ સાગર ડેરી ખાતે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૨૬

સમગ્ર રાજયમાં ડો. વર્ગીસ કુરીયનના જન્મ દિવસ ૨૬ નવેમ્બરના રોજ રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લામાં દૂધ સાગર ડેરી ખાતે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પશુપાલક મહિલાઓની પ્રશિક્ષણ અને જાગૃતિ શિબીરની ઉજવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં આદર્શ પશુપાલન અને સ્વચ્છ દૂધ ઉત્પાદન, સ્વચ્છ ભારત અભિયાન, આરોગ્ય સહિત વિવિધ બાબતો પર તજજ્ઞો દ્વારા પશુપાલકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવમી પ્રસંગે મંત્રીશ્રીઓ તેમજ મહેમાનશ્રીઓના હસ્તે સહાય વિતરણ કરવામાં આવી હતી. જેમાં મહિલા દૂધ ઘરના મકાન માટે જમીન ફાળવમી, મહિલા દૂધ મંડળીના બાંધકામની સહાય, ઓટોમેટીક મિલ્ક કલેક્શનની સહાય, બ્લડ મીલ્ક કુલર, વિદ્યુત સંચાલિત ચાફકટર મીલ્કિંગ મશીનની સ્થળ પર સહાય આપવામાં આવી હતી.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧